**આંક – ૦૧ તળે હુકમ** **CASE NO : 939/2023**

આરોપી સામે હાલનું ચાર્જશીટ અત્રેની અદાલત સમક્ષ રજુ થતાં આરોપીકોર્ટમાં હાજર થયેલ છે. તેને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ : ૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો પુરી પાડયા અંગેની ખાત્રી કરેલ. ત્યારબાદ આરોપીએ **આંક ૦૩** થી કબુલાત પુરસીસ આપી તેઓ સામેનો ગુનો કબુલ હોવાનું જણાવે છે. ત્યારબાદ ક્રિમીનલ પ્રોસીજર કોડની કમલ : ૨૫૧ હેઠળ તેઓને તેઓ સામેના ગુન્હાનો સારાંશ જણાવી તેઓને ગુનો કબુલ કરે છે. કે બચાવ કરવા માંગે છે. તે અંગે પ્રશ્ન પુછતાં આરોપીએ પોતાની સામેનો ગુનો કબુલ કરેલ હોવાનું જણાવેલ છે અને તે સાથે ગુનો કરવા બદલ પસ્તાવો વ્યકત કરે છે અને ફરીથી ગુનો નહી કરવાની ખાત્રી આપે છે. આરોપી ગુનો કરવા બંધાયેલ નથી. તેમજ ગુનાની સજાની જોગવાઈ સમજાવવા છતાં કબુલાતને વળગી રહેલ છે. જે ન માનવાને કોઈ કારણ નથી.

આરોપીએ ગુનાની કબુલાત સ્વૈચ્છીક રીતે કરેલ હોય, આરોપીએ અદાલત સમક્ષ પારાવાર પસ્તાવો વ્યકિત કરેલ હોય પોતાને અહેસાસ થયાનું જણાવેલ હોય, તેમજ ભવીષ્યમાં આવા પ્રકારનો ગુનો કરશે નહી તેવી નામદાર કોર્ટને બાંહેધરી આપી આ પોતાનો પ્રથમ જ ગુનો હોય યોગ્ય હુકમ કરવા અરજ કરેલ છે. આ કામનાં આરોપી ગુન્હાનો એકરાર કરેલ હોય આરોપીને સજા કરવી જોઈએ તેમ હું માનું છું પરંતુ આરોપીની કબુલાત પુરસીસ વંચાણે લેતા તેમજ આરોપી પક્ષે અદાલત સમક્ષ કરવામાં આવેલ રજુઆતો લક્ષમાં લેતા આરોપીની સામેના ગુનાનો તેમજ રજુઆતને લક્ષમાં લેતા ન્યાયનાં હીતમાં નીચે પ્રમાણે હુકમ કરવામાં આવે છે.

## આખરી હુકમ

ક્રિ. પ્રો. કોડ કલમ – ૨૫૨ અન્વયે આઈ.પી.સી.કલમ ૨૭૯ ના ગુના માટે તકસીરવાન ઠરાવી રૂા. ૫૦૦/– **(અંકે રૂપિયા પાંચસો પુરા)** નો દંડ તથા કોર્ટ ઉઠતા સુધીની સજા કરવામાં આવે છે, અને દંડ ભરવામાં કસુર કરે તો વધુ દિન – ૫ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ : ૦૯મી માહે સપ્ટેમ્બર સને ૨૦૨૩ ના રોજ નેશનલ લોક અદાલતની સ્પેશીયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૯/૦૯/૨૦૨૩
સ્થળ : ગરબાડા

**(મોહમદમકસુદ મોહમદઈકબાલ શેખ)**
જયુડી.મેજી.ફ.ક.,ગરબાડા.
કોડ નં.જી.જે.૦૧૨૯૪